## જન્મદિને વધામણી



જતીન દવે
મો. ૮૩૪૭૫ ૫૫૪૨૬



અશ્વિનભાઈ વી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨



વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩



શરદ જે વઘાસીયા

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## ડિગ્રી એન્જિનીયરિંગમાં પ્રવેશ પ્રક્રિયાની તારીખ ૨૮મી મે કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પિન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ૧૪મીથી લંબાવીને ૨૮મી કરાઈ છે. જે દિવસે રજિસ્ટ્રેશનની મુદત પૂર્ણ થાય ત્યારે જ સેન્ટ્રલ બોર્ડ દ્વારા ધો.૧૨નું પરિણામ જાહેર થવાનું હોવાથી વધુ એક વખત મુદત લંબાવવી પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે. ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે હાલમાં પિન વિતરણ અને રજિસ્ટ્રેશનની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ તા.૧૪મી સુધીની મુદત હતી. હવે આ મુદત લંબાવીને તા.૨૮મી કરાઈ છે. બીજીબાજુ હજુ સુધી ધો.૧૨ સેન્ટ્રલ બોર્ડનું પરિણામ જાહેર થયું નથી. સેન્ટ્રલ બોર્ડનું પરિણામ જાહેર થાય ત્યારબાદ તેના વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન માટે સમય આપવો પડે તેમ છે. જેના કારણે તા.૨૮મીની મુદતમાં વધારો કરવો પડે તેમ છે. બીજીબાજુ સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે આવતીકાલે છેલ્લો દિવસ છે. ધો.૧૨ સેન્ટ્રલ બોર્ડનું પરિણામ બાકી હોવાના કારણે હવે આ પરિણામ આવ્યા બાદ સાયન્સ કોલેજમાં પ્રવેશ માટે નવેસરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવાનું નક્કી કરાયું છે. આમ, સેન્ટ્રલ બોર્ડની ધો.૧૨ની પરીક્ષાના પરિણામમાં વિલંબ થતાં ઈજનેરી અને સાયન્સમાં પ્રવેશની પ્રક્રિયા લંબાવવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

## ત્રિદલ સંસ્થાની ચાલુ માસની બેઠક રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા 'ત્રિદલ'ની મે માસની બેઠક તા. ૨૭ મે ને રવિવારે ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે મળશે. સાહિત્યસર્જકો 'ખીજાના દોરમાં જુઓ બહારો લઈ આવ્યો છું'ની પાદપૂર્તિ સાથે ઉપસ્થિત રહેશે.

સૌ સભ્યો, સર્જકો અને ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સર્વમંગલ આશ્રમના ભાનુવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા



સર્વમંગલ આશ્રમ, સાગોડિયા, જિ. પાટણના અધિષ્ઠાતા પૂ. ભાનુવિજયજી મહારાશ્રી તા. ૧૭ મે, ગુરુવારે કાળધર્મ પામ્યા છે.

સાધના, સેવા, શિક્ષણ અને માનવતા એમનો જીવનમંત્ર હતો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વિચારધારા અને સિદ્ધાંતો તેમણે જીવનમાં ઉતારેલા અને ગાંધીજીની વિચારધારા પ્રમાણે તેમનો સર્વ મંગલમ આશ્રમ સાગોડિયામાં ચાલે છે, ગુજરાત અને દેશનાં વિવિધ સ્થળોએ પ્રવચનો આપવા તેઓ જતા. એમના આશ્રમમાં અત્યારે વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે:

- બુનિયાદી શાળા, છાત્રાલય સાથે
- અદ્યતન ગૌશાળા
- વાનપ્રસ્થ આરાધના કેન્દ્ર
- સાધના શિબિરો
- શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક કેન્દ્ર
- દુષ્કાળ, પૂરમાં આર્થિક સહાય, રાહત
- અન્ય માનવતાનાં કાર્યો

મહારાષ્ટ્રના પૂના શહેરમાં મહારાષ્ટ્રીયન પરિવારમાં પિતા ગુલાબચંદ અને માતા ચંપાબેનને ત્યાં પુત્ર અવતર્યો અને તેનું નામ ભિખ્ખુ રાખ્યું. ૧૨ વર્ષની ઉંમરે જૈન ધર્મની દિક્ષા લીધી. મુનિશ્રીનું નામ ભાનુ રખાયું ને તેમણે જગતમાં અજ્ઞાનતાના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથર્યો. અંતિમ અવસ્થા સુધી તેમનાં પ્રવચનો પાટણ, મુંબઈ, અમદાવાદ અને વિવિધ સ્થળે ઉજવાતા રહ્યા. લોકોને સાચા માર્ગે દોરી અંધકારમાંથી પ્રકાશમાં લાવવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. વંદન છે મુનિશ્રીને.

- શિવશંકર દવે

# ધો-૧૦માં નાપાસ થનારાઓની પૂરક પરીક્ષા ૬ જુલાઈથી લેવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાનું પરિણામ આગામી તા.૨૮મીએ જાહેર થવાનું છે. ત્યારે આ પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાની જાહેરાત કરી દેવામાં આવી છે. કોઈપણ ત્રણ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકશે. તા.૬ જુલાઈએ પરીક્ષા શરૂ થશે ને તા.૯મી જુલાઈ સુધી ચાલશે. ધો.૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પહેલા બોર્ડ દ્વારા આ પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષા કયારે લેવાશે તેની સ્પષ્ટતા કરી દીધી છે. જેમાં તા.૬ જુલાઈને શુક્રવારે ગુજરાતી (પ્રથમ ભાષા) તથા અન્ય પ્રથમ ભાષાની પરીક્ષા લેવામાં આવશે. આજ દિવસે બપોરે ૩ થી ૬-૨૦ દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજીની પરીક્ષા લેવામાં આવશે. તા.૭મી જુલાઈને શનિવારે સવારે ૧૦ થી ૧-૨૦ દરમિયાન સામાજિક વિજ્ઞાનની પરીક્ષા લેવાશે. આજ દિવસે બપોરે અંગ્રેજી (દ્વિતીય ભાષા)ની પરીક્ષા લેવામાં આવશે. તા.૮મીને રવિવારે સવારે ૧૦થી ૧-૨૦ દરમિયાન ગણિત અને બપોરે દ્વિતીય ભાષાની પરીક્ષા લેવાશે. જયારે તા.૯મીને સોમવારે સવારે ૧૦થી બપોરે ૧-૨૦ દરમિયાન ગુજરાતી દ્વિતીયભાષાની પરીક્ષા લેવામાં આવશે. આમ, આ વખતે રવિવારે પણ નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે.

## યુનિ.માં લોકપાલ નિમવા યુજીસીની સૂચના

ગાંધીનગર, તા. ૨૫

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દરેક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓમાં ચાલતી ગેરરીતિઓ અને ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિયુક્તિ કરવાની સૂચના અપાઈ છે. યુજીસીની સૂચના બાદ મધ્યપ્રદેશ સરકાર દ્વારા દરેક યુનિવર્સિટીઓમાં લોકપાલની નિયુક્તિ માટે ચાર કુલપતિની એક કમિટીની રચના કરી દેવાઈ છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એમ.એન.પટેલને ચેરમેન બનાવાયા છે. આ કમિટીની પહેલી બેઠક આગામી ૩૦મીએ બોલાવવાની જાહેરાત કરાઈ છે. દેશના દરેક રાજ્યોમાં આવેલી અને રાજ્ય સરકાર સંચાલિત સરકારી યુનિ.માં મોટાપાયે ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓની ફરિયાદો બહાર આવતી રહે છે. આ ફરિયાદની તપાસ કરી શકાય તેવી કોઈ વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. જેના કારણે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ સમક્ષ ફરિયાદ કરવી પડે છે.




ગાંધીનગર, તા. ૨૫

એનસીસી કેડેટ, એએનઓ અને એનસીસી ગૃપ હેડ ક્વાર્ટર્સ, અમદાવાદ દ્વારા ગાંધીનગર જિલ્લાનાં ગામોમાં પર્યાવરણ જાગરૂકતા માટે અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પર્યાવરણનું જતન કરવા અને પાણીનું સંરક્ષણ કરવા ગ્રામવાસીઓને અપીલ કરવામાં આવી હતી. એનસીસી કેડેટ દ્વારા પાણીના સંરક્ષણના સંદેશા સાથે જાગૃતિ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. એડીજી, ગુજરાત, દિવ અને દમણ દ્વારા નેશનલ કેડેટ્સના ભાગરૂપે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેનો લાભ જિલ્લાના ગ્રામવાસીઓને આપવામાં આવ્યો હતો.

# જાણીતા હાસ્ય લેખક વિનોદ ભટ્ટને ગાંધીનગરના સર્જકો દ્વારા હાસ્યાંજલી



ગાંધીનગર, તા. ૨૫

'વિનોદ ક્યારેય વિદાય લેતા નથી અને વિનોદ ક્યારેય વિદાય લેશે નહીં.' કારણ સ્વ. વિનોદ ભટ્ટ એ પુસ્તકો દ્વારા એમની ગજબની સેન્સ ઓફ હ્યુમરને કારણે સદાય સૌને હસાવતા રહેશે. 'હાસ્ય એ સૂકાં આંસુ છે' એવું કહેતાં વિનોદ ભટ્ટના અંતિમ ક્ષણોમાં સદાય સાથે રહેલા કવિ મિત્ર શ્રી ભાગ્યેશ જહાએ વિનોદ ભટ્ટને શ્રદ્ધાંજલી અર્પતાં 'વિનોદ સપ્તાહ' જેવા વિશિષ્ટ કાર્યક્રમનો વિચાર વહેતો મૂક્યો.

ગાંધીનગર સાહિત્યસભાએ આ ઉમદા વિચારને અમલમાં મૂકીને સ્વ. વિનોદ ભટ્ટને હાસ્યાંજલી અર્પવાના આ 'વિનોદ સપ્તાહ'ની કવિશ્રી ભાગ્યેશ જહાના ઘરે જ એમનાં પુસ્તકોની પોથી બનાવી એમનાં સંસ્મરણો વાગોળતાં બેઠકોનો શુભારંભ કરાવ્યો.

આ કાર્યક્રમમાં ગાંધીનગરસાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, જાણીતા કવિ કિશોર જીકાદરા, રાજકોટની કવિ બેલડી દિપક ત્રિવેદી-હર્ષિદા ત્રિવેદી, રણછોડ પરમાર, રોહિણી પરમાર વગેરે જોડાયાં. હજુ તો આ સપ્તાહ બીજા છ દિવસ ચાલશે એટલે વિનોદ ભટ્ટના ભાવકો જોડાતા જશે. ભાગ્યેશ જહાએ વિનોદ ભટ્ટની વાતો સાથે સૌને ખડખડાટ હસાવ્યા અને એમના નિબંધનું પઠન કર્યું. આવનારા દિવસોમાં એમના જ પુસ્તકના લેખોનું પઠન સાહિત્યસર્જકો કરશે અને હાસ્યાંજલી અર્પશે.

# તપોવન સંસ્કારપીઠ ખાતે બાળકો-કિશોરો માટે શિબિર

ગાંધીનગર, તા.૨૫

એક તરફ ચોક્કસ 'ડે' પુરતી માતા-પિતાને યાદ કરવાની વાત છે ત્યારે અમદાવાદ-ગાંધીનગર હાઈ-વે ખાતે આવેલા તપોવન સંસ્કારપીઠ-અમીયાપુર ખાતે એક વિશિષ્ટ શિબિર ચાલી રહી છે ત્યાં દેશભરનાં ૪૦૦ કિશોરો, યુવાનો ભાગ લઈ રહ્યા છે. આઠ દિવસીય આ શિબિરની પૂર્ણાહુતિ તા.૨૭મીએ થશે. જ્યારે અહીં માતા-પિતા સમક્ષ સંતાનો તેમના ઉપકારોને વર્ણવે છે ત્યારે માતા-પિતાની આંખમાંથી પણ હર્ષાશ્રુ આવી જાય છે અને તેમણે જણાવ્યું કે અમે માતા-પિતાનાં ઉપકારોને આજીવન ભૂલીશું નહીં. નવી પેઢી માત્ર પૂજા કરતાં જ શીખે એટલું જ નહીં, તેનું મહત્ત્વ તર્કબદ્ધ રીતે સમજી અને કરે તે માટેનો પ્રયાસ જૈનાચાર્ય મુક્તિવલ્લભસૂરિજી મ.સા. અને આચાર્ય ઉદયવલ્લભસૂરિજી મ.સા.ની નિશ્રામાં થઈ રહ્યો છે. યુવાવર્ગ અને નવી પેઢી જૈન ધર્મનું જે જ્ઞાન છે, તેને સમજે તે માટે 'શાસન સ્પર્શના શિબિર'નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ શિબિરમાં ૪૦૦ વિદ્યાર્થી જોડાયા છે. જૈન બાળકો-યુવાનો પૂજા, ચોવિહાર બધું કરે છે, પરંતુ તેનું મહત્ત્વ શું છે? તેને તર્કબદ્ધ રીતે સમજાવવામાં આવે છે. ખાસ કરીને જુદા-જુદા ૪૦ વિષયો ઉપર પ્રવચન થાય છે. જેને કારણે નૈતિક મૂલ્યોનું, ધર્મ - અધ્યાત્મની જાણકારી તો મળે જ સાથોસાથ જ સંગીત, ક્વિઝ વગેરેથી વ્યક્તિત્વ વિકાસ પણ થાય એ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરીમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં ૧૯૯૭થી સેવાકાર્યો કરે છે. સંપૂર્ણ વનવાસી એવા આ ગામનાં ૩૫ વૃદ્ધ લાભાર્થીઓને તાજેતરમાં ૨ કિગ્રા ચોખા, ૧ કિગ્રા તેલ, ખાંડ, ચ્હા, સાબુ, અગરબત્તી, કોપરેલ વગેરે વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સૌ લાભાર્થીઓને છત્રી પણ ભેટ આપવામાં આવી હતી. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, નવનીત ત્રિવેદી, યોગેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# નોખી-અનોખી ભાત પાડતાં અછાંદસ કાવ્યોનો સંગ્રહ 'આખુંય આકાશ માળામાં'

કવિતા સાહિત્યનો એવો પ્રકાર છે જેમાં કવિ પોતાની આંતરિક અનુભૂતિઓ, સંવેદનાઓ, કલ્પનાઓ, આશા અને આકાંક્ષાઓને પોતાના શબ્દોમાં સંયોજીને એવી રીતે અભિવ્યક્ત કરે છે કે તે ઓછામાં ઓછા શબ્દોથી અર્થ અને ભાવાર્થનો અસિમિત વિસ્તાર પામે છે. શબ્દોના અર્થનો એક અસિમિત વિસ્તાર જેટલો વધુ, વ્યાપક તેટલી કવિતા વધુ સાચી બનશે. કારણ કે તે ફક્ત કવિના શબ્દ સામર્થ્ય કે લેખન કૌશલ્યને અભિવ્યક્ત કરતી નથી. પરંતુ સર્જકતાની દિશામાં તેના આત્મવિશ્વાસને પણ પ્રતિબિંબિત કરે છે. સહજ, સાધારણ પરિસ્થિતિની અભિવ્યક્તિ જ્યારે કવિતામાં થાય છે ત્યારે જીવનના સત્યને ઉદ્‌ઘાટિત કરતી એ કવિતા ફક્ત શ્રોતા, ભાવક કે વાચકના મનને જ ઝંકૃત કરે છે એવું નથી.

કવિ યોગેશ જોશી તેમનો છઠ્ઠો કાવ્ય સંગ્રહ 'આખુંય આકાશ માળામાં' પ્રગટ થાય છે ત્યારે બાળકના જન્મ પછી માતાને થાય તેવો આનંદ અનુભવે છે. કવિના મતે કાવ્યો તો મોજાં પર મોજાં પર મોજાંની જેમ ઉમટતાં રહ્યાં. એમાંનાં કેટલાંક કાગળ પર ઊતાર્યાં નહિ, અને વહી ગયાં. કેટલાંક કાવ્યો એવાં ફોર્સ સાથે ઉમટ્યાં કે ઉતર્યા સિવાય રહી ન શક્યાં. અછાંદસ કાવ્યોની અચાનકથી શરૂ થયેલ કાવ્યયાત્રામાં ટોરન્ટો, કેનેડામાં રચાયેલી તેમની લાડલી કૃતિ બેબી શાવરથી લઈને ટગલી ડાળ જેવા ડાયસ્પોરા સર્જકોને અર્પણ કરેલ કૃતિ ઉપરાંત મોતિયો, વિમાનમાં લાંબી મુસાફરી દરમિયાન (કેનેડા જતાં) સરકતું પ્લેટફોર્મ અને છ તાન્કા કાવ્યો મળી પ્રથમ ૨૭ કાવ્યો મળે છે. તે પછી કવિએ બાર પુષ્પકાવ્યો આપ્યાં છે. જેમાં કેસૂડો, ગુલમહોર, જૂઈ, તગડ, ધતુરો, પારિજાત, પીળી કરેણ, પોયણા, મોગરો, રાતરાણી, શિરીષ અને સૂર્યમુખી છે.

કવિતા આત્મનિવેદનમાં જણાવ્યા અનુસાર કવિમિત્ર લાભશંકર ઠાકરે 'વાવ' વિશેનાં કાવ્યોનો અલગ સંગ્રહ કરવા સૂચન કરેલું પણ 'વાવ' કાવ્યો અગિયારમાં અટકી ગયાં જે એક કાવ્યગુચ્છ રૂપે આપણને આ સંગ્રહમાં મળે છે. તે પછી 'સમય' પરનાં અગિયાર કાવ્યો છે. એમ મળી કુલ ૬૧ કાવ્યો આપણને આ સંગ્રહમાં મળે છે.

આ કાવ્યસંગ્રહના કાવ્યો પૈકી યોગેશ જોષીનાં ચાર પ્રભાવક કાવ્યો અંગેનો કવિ લાભશંકર ઠાકરનો પ્રતિભાવ રૂપ લેખ 'શબ્દસૃષ્ટિ'માં પ્રગટ થયેલ તે અને ત્રણ પ્રભાવક કાવ્યો તેમજ કાવ્યરચના પ્રતિભાવમાં પ્રસરો જેવા ટૂંકા લેખ 'ઓળખ'માં પ્રગટ થયેલા તે પરિશિષ્ટમાં અહીં મૂકવામાં આવ્યા છે. તે ઉપરાંત મૂળ સાથે સંવાદ સાધતી કાવ્ય કળા - રાધેશ્યામ શર્મા અને 'અંતિમ ક્ષણોથી અંતિમ ક્ષણ સુધીનું કાવ્ય' જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા ગુજરાત સમાચારમાં લખાયેલ લેખનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

કવિએ આ સંગ્રહ સિતાંશુ યશચંદ્ર, લાભશંકર ઠાકર તથા ગુલામ મહંમદ શેખને કેવળ મૌન સાથે અર્પણ કર્યો છે.

'આખુંય આકાશ માળામાં' કાવ્યસંગ્રહની એક વિશેષતા એ છે કે તેમાં કાવ્યસંગ્રહના પ્રાગટ્ય પહેલાં જુદાં-જુદાં સામયિકોમાં પ્રગટ થયેલાં કવિનાં કાવ્યો વિશે પ્રતિભાવ આપતા લેખ સ્વરૂપે કાવ્યોની સમીક્ષા આપણને મળે છે. જે ખૂબ જાણીતા કવિ લાભશંકર ઠાકર હોય કે પછી કાવ્ય સમીક્ષક રાધેશ્યામ શર્મા હોય તેમણે કવિના કાવ્યોને જે રીતે પ્રમાણ્યાં છે તેનો ચિતાર અહીં મળી રહે છે. તે સાથે કવિના નોખી ભાત પાડતાં અછાંદસ કાવ્યોમાંથી 'ઘીના દીવાની વાટમાં' કાવ્ય વિષે ગુજરાત સમાચારની કૉલમના લેખમાં વિસ્તૃત છણાવટ રાજેશ વ્યાસ કરવામાં આવી છે.

આ કાવ્યસંગ્રહમાંથી પસાર થતાં સંવેદનની ચરમસીમાએ ભાવકને લઈ જતું કાવ્ય મળે છે (પાના નં. ૨૦)

તને વળાવી
ટ્રેનમાં તને વળાવી
ઘરે
પાછો ફર્યો,
તાળું ખોલ્યું
બારણું ઉઘાડ્યું
હું
અજગરના પેટમાં...

તો સમય કાવ્યગુચ્છમાંનું આ કાવ્ય પણ જુઓ (પાનાં નં. ૯૬)

શાંત સમયમાં
કોણે ફેંક્યો પથ્થર ?
શાંત સમયમાં થયા કરે
કૂંડાળાં...

અને છ તાન્કા કાવ્યોમાંનું એક (પાના નં. ૫૦)

વહી ગયેલો
પવન પાછો આવે
ને મને સોંપે
દરિયાએ પરત
કરેલાં મારાં આંસુ

'આખુંય આકાશ માળામાં' કાવ્યસંગ્રહના કવિ યોગેશ જોષી ગુજરાતી સાહિત્ય પરિષદના જાણીતા સાહિત્યિક સામયિક 'પરબ'ના તંત્રી છે. અત્યાર સુધીમાં તેમના છ કાવ્યસંગ્રહો, સાત નવલકથા/લઘુ નવલો, ચાર વાર્તાસંગ્રહો, ચરિત્ર નિબંધ, અનુવાદ, સંપાદન, બાળ સાહિત્યનાં અનેક પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. હવે પછી 'તેજનાં ફોરાં' કાવ્યસંગ્રહ અને દાદા એન્ડ જિયા (સ્મરણ) લેખોનું પુસ્તક આવી રહ્યું છે. ભાવકોને મનભાવન બની રહે

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
કિંમત : રૂા. ૧૫૦/-
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ

- નટવર હેડાઉ

